# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, દેશના દરેક મોટા રાજ્યમાં NFSUનું એક પરિસર બનશે.'
2) રાજ્યમાં અત્યાર સુધીમાં R.T.E. કાયદા હેઠળ અંદાજે છ લાખ 70 હજારથી વધુ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાયો.
3) 10 લાખે એક બાળકમાં જોવા મળતી અતિ-દુર્લભ થાઈરોઈડ કેન્સરથી પીડિત બાળકીની અમદાવાદની સિવિલમાં સફળ સર્જરી
4) રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
5) I.P.Lની બીજી ક્વૉલિફાયરમાં મુંબઈ ઇન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે અમદાવાદમાં મેચ શરૂ.

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH NFSU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , 'દેશના દરેક મોટા રાજ્યમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય- NFSUનું એક પરિસર બનશે , જેનાથી ટ્રેન્ડ ફૉરેન્સિક હ્યૂમન રિસોર્સ ઉપલબ્ધ કરાવી શકાય. ' પશ્ચિમ બંગાળના કોલકાતાના રાજારહાટ ખાતે આજે નવી કેન્દ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કરાવતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું.

(BYTE- AMIT SHAH, HOME MINISTER) (NFSU BYTE)

શ્રી શાહે કહ્યું , 'ત્રણ નવા કાયદા વર્ષ 2024માં આવ્યા , પરંતુ કેન્દ્ર સરકારે દૂરંદેશી સાથે વર્ષ 2020માં જ NFSUની સ્થાપના કરી. દેશભરમાં તેના 16 પરિસરને મંજૂરી અપાઈ છે. તેમાંથી આઠ શરૂ થઈ ગયા છે અને બાકીના અન્ય આઠ ઝડપથી શરૂ થશે.'

(BYTE- AMIT SHAH, HOME MINISTER) (LAB BYTE)

. . . . . . . . . . . . .

# RTE STUDENTS

રાજ્યમાં અત્યાર સુધીમાં શિક્ષણ મેળવવાના અધિકાર- R.T.E. કાયદા હેઠળ અંદાજે છ લાખ 70 હજારથી વધુ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાયો છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં જરૂરિયાતમંદ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા ત્રણ હજાર 800 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે. સાંભળીએ એક અહેવાલ.

(VOICE CAST- JAYESH GADDAMWAR)

(શિક્ષણ મેળવવાના અધિકાર R.T.E. કાયદા હેઠળ પ્રવેશ મેળવનારા નબળા અને વંચિત જૂથના બાળકોને પુસ્તકો , સ્કુલ બેગ , ગણવેશ, બૂટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુષંગિક વસ્તુઓ ખરીદવા દર વર્ષે વિદ્યાર્થીદીઠ ત્રણ હજાર રૂપિયાની સહાય અપાય છે. રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓને એક હજાર 57 કરોડ રૂપિયાથી વધુની સહાય અપાઈ છે.)

સમાચાર વિભાગથી જયેશ ગદ્દમવાર, આકાશવાણી, અમદાવાદ)

. . . . . . . . . . . . .

# AMDAVAD CIVIL SURGERY

10 લાખમાંથી એક બાળકમાં જોવા મળતી અતિ-દુર્લભ બિમારીથી પીડિત બાળકોની અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં સફળ સર્જરી કરવામાં આવી. સિવિલ હૉસ્પિટલના અધિક્ષક ડૉક્ટર રાકેશ જોષીએ કહ્યું , પીડિયાટ્રિક વિભાગના તબીબોએ પેપિલરી થાઈરૉઈડ કૅન્સરથી પીડિત છ વર્ષની બાળકીને પીડામુક્ત કરી છે.

ડૉક્ટર જોષીએ કહ્યું, બાળકીની શસ્ત્રક્રિયા પછી આઠમા દિવસે હૉસ્પિટલમાંથી રજા અપાઈ. હવે 21-મા દિવસે થાઈરોઈડ સ્કેન કરાશે ત્યારબાદ રેડિઓ આયોડિન ઍબલૅશન થેરાપી આપવાનું નક્કી કરાશે. બાળકીને સમગ્ર જીવન થાઈરૉઈડની દવા અપાશે એમ પણ ડૉક્ટર જોષીએ ઉમેર્યું. ડૉક્ટર જોષીએ કહ્યું , ગળાના ભાગે સોજા આવવા એ આ કૅન્સરનું મોટાભાગે પ્રથમ લક્ષણ હોય છે , જેને માતાપિતાએ અવગણવા ન જોઈએ. સાથે જ તેમણે બાળરોગ સર્જન પાસે તપાસ કરાવવા પણ અપીલ કરી છે.

. . . . . . . . . . . . .

# BOTAD ACCIDENT

બોટાદ જિલ્લામાં આજે એક ટેમ્પો રિક્ષા પલટી જતાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, ગઢડા તાલુકાના રામપરા ગામ નજીક ટેમ્પો પલટી જતા ચાલક સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્તોને ગઢડા સરકારી હૉસ્પિટલ ખાતે ખસેડાયા હતા , જ્યાં સારવાર દરમિયાન ટૅમ્પોચાલકનું મોત થયું હતું.

જ્યારે અન્ય ત્રણમાંથી એક ઈજાગ્રસ્ત વ્યક્તિને વધુ સારવાર માટે ભાવનગર અને બીજા બે લોકોને બોટાદની ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયા છે. ટૅમ્પોચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાનું જણાયું છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# BK MILK DAY

આજે વિશ્વ દૂધ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં એશિયાની પ્રથમ ક્રમાંકની બનાસ ડેરી આવેલી છે. પશુપાલકો આ ડેરીમાં દૂધ વેચી આવક મેળવી રહ્યા છે. ડેરીની અનેક યોજનાઓ થકી પશુપાલન કરતા લોકો પણ આ વ્યવસાયમાં જોડાયા છે. આજે પશુપાલકો દૂધની આવક થકી પોતાના બાળકોને ઉત્તમ શિક્ષણ આપી રહ્યા છે. આ અંગે દૂધ ઉત્પાદક ગોરમ ચૌધરીએ વધુ માહિતી આપી.

**(બાઈટઃ ગોરમ ચૌધરી)**

. . . . . . . . . . . . .

# STATE WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. દરમિયાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ઉત્તર-દક્ષિણ અને પૂર્વ ગુજરાતના સીમાડાના જિલ્લાઓ અને દક્ષિણ-પૂર્વ સૌરાષ્ટ્રના જિલ્લાઓના છૂટાછવાયા સ્થળ પર આવતીકાલે તેમજ મંગળવાર અને બુધવારે દક્ષિણ સૌરાષ્ટ્ર , દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની પણ સંભાવના છે.

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું. ઉપરાંત ભાવનગર , રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ઓગણચાળીસ ડિગ્રી સેલ્સિયસ , કંડલા હવાઈમથક, ડીસા અને વલ્લભ વિદ્યાનગર ખાતે મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે. આ સિવાયના જિલ્લા અને શહેરમાં મહત્તમ તાપમાનનો પારો 37 ડિગ્રી અને તેનાથી ઓછો રહ્યો હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . . .

# MORBI ROAD

મોરબી શહેરના આઠ સીસી રોડ બનાવવાની કામગીરી આગામી દિવસોમાં કરાશે. આ માટે રાજ્ય સરકારે 30 કરોડ 75 લાખ રૂપિયાના કામને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મોરબી મહાનગરપાલિકાની સિવિલ એન્ડ સિટી બ્યૂટિફિકેશન શાખાની યાદીમાં જણાવ્યા મુજબ, મહાપાલિકા હદ વિસ્તારમાં મુખ્યમંત્રી શહેર સડક યોજના અંતર્ગત લીલાપર માર્ગના વાયડનિંગની સાથે ડામર માર્ગનું કામ, શનાળા માર્ગના કામ માટે આ મંજૂરી અપાઈ છે.

. . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ  I.P.L. ટી-20 ક્રિકેટમાં બીજી ક્વાલિફાયર મેચમાં પંજાબ કિંગ્સે મુંબઈ ઇન્ડિયન્સ સામે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી આ મેચની વિજેતા ટીમ મંગળવારે અમદાવાદમાં જ રમાનારી ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે રમશે.

ઉલ્લેખનીય છે કે , મુંબઈ ઇન્ડિયન્સે અત્યાર સુધી પાંચ ખિતાબ જીત્યા છે. જ્યારે પંજાબ એક પણ વાર ખિતાબ જીતી નથી શકી.

. . . . . . . . . . . . .

# AMC ANNUAL GAMES

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આયોજિત વાર્ષિક રમતોત્સવ 2024-25નો સમાપન સમારોહ યોજાયો. નવરંગપુરા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ક્રિકેટ , દોરડા ખેંચ, બાસ્કેટ બૉલ , ગોળાફેંક જેવી રમતો સાથે રમતોત્સવનું સમાપન થયું. રમતોત્સવમાં 926-થી વધુ લોકોએ ભાગ લીધો , જેમાં વિજેતા ખેલાડીઓને વિજયચિહ્ન અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં મેયર પ્રતિભા જૈને વધુ માહિતી આપી.

**(BYTE- PRATIBHA JAIN, MAYOR, AMDAVAD)**

. . . . . . . . . . . . . .

# DISASTER MANAGEMENT TRAINING -DAMAN

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે તાલીમ શિબિર યોજાઈ. મોટી દમણ કલેક્ટર ભવન ખાતે આયોજિત શિબિરમાં આપત્તિમિત્ર અને અન્ય અધિકારીઓ દ્વારા યુવાનોને આપત્તિ દરમિયાન કેવી રીતે કામ કરવું, CPR, બચાવ, તબીબી અને કટોકટી સેવાઓ અંગે માહિતી અપાઈ.

. . . . . . . . . . . . .